બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, તેરમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''આ નાના સાધુ અમારે રહેવાનું ધામ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ છે.'' (૯/૫૯)

➩ મહારાજ - સભાને

➩ ડભાણમાં મૂળજી શર્માને દીક્ષા આપી 'ગુણાતીતાનંદ' નામ આપી તેમની ઓળખ આપતાં સભાને કહે છે.

૨. ''આ હાડ-ચામનો દેહ હવે નરકના કુંડ જેવો લાગે છે.'' (૨૯/૧૫૦)

➩ કાકાભાઈ - મહારાજને

➩ કાકાભાઈની અંતિમ માંદગીમાં તેમની વિનંતીથી મહારાજ તેમને રોજકે દર્શન દેવા પધાર્યા હતા. મહારાજ ત્યાંથી પાછા ગઢડા જવા માટે કાકાભાઈની રજા લેવા જાય ત્યારે કાકાભાઈ કહે છે.

૩. ''દીકરીને પરણાવવા પાછળ પુષ્કળ ખર્ચ થાય છે.'' (૬/૩૬)

➩ ક્ષત્રિયો - મહારાજને

➩ દીકરીઓને દૂધપીતી કરવાથી ત્રણ પ્રકારની હત્યાનું પાપ લાગે છે. તેવી વાત મહારાજે ક્ષત્રિયોને કરી ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. નાયકે મહારાજને પગે લાગી પ્રાર્થના કરી. (૨૦/૧૦૪)

જ. મહારાજ લોયામાં હતા. ત્યારે એક કઠપૂતળાંનો ખેલ કરનાર નાયક આવ્યા. તેણે મહારાજને વિનંતી કરી કે અમને અહીં અમારી કળા આપને દેખાડી પાવન થવા દ્યો. મહારાજે તેને રુક્મિણી વિવાહનો વેશ ભજવવાનું કહ્યું. નાયકે પૂતળાંની દોરી આંગળીએ બાંધી પૂતળાં નચાવવાં શરૂ કર્યાં. પણ પૂતળાં ચાલે જ નહિ. તેથી નાયકે મહારાજને પગે લાગી પ્રાર્થના કરી કે અમારા સૌના નાડી-પ્રાણ આપના હાથમાં છે. જીવ-પ્રાણીમાત્ર આપના હાથે નાચતાં પૂતળાં છે. માટે દયા કરો.

૨. આત્મારામ નવી ડગલી બનાવી ન શક્યા. (૨૮/૧૪૧)

જ. મહારાજની ડગલી બનાવવામાં આત્મારામે હેતના ટેભા લીધા હતા. શ્રીજીમમહારાજની પ્રેરણાથી અને તેમને માટેના અનહદ પ્રેમથી આ ડગલી બની હતી. અક્ષરધામ રૂપી સર્વશ્રેષ્ઠ ઈનામ પણ તેમને મળી ગયું હતું. તેથી બીજી ડગલી ન બનાવી શક્યા.

૩. શ્રીજીમહારાજે સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી. (૮/૫૧)

જ. છોટીકાશી ગણાતા જામનગરમાં વચનની મૂર્તિ આત્માનંદ સ્વામી સાથે કેટલાક વિદ્વાન બ્રાહ્મણો શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તેમણે સ્વામીને બે વાર પૂછ્યું તમારું સ્વરૂપ શું ? સ્વામીએ કહ્યું સર્વ શાસ્ત્રનો સાર ગુરુવચન છે. તેથી વિદ્વાન બ્રાહ્મણોએ મૂર્ખ અને જડ કહી અપમાન કર્યું. આ વાતની જાણ મહારાજને થતાં મહારાજે સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. અઢારને દીક્ષા** (૭/૪૨) મહારાજને સુંદરજી સુતારના શબ્દો યાદ હતા. ગર્વગંજન મહારાજના મનમાં કંઈક જુદું જ હતું. આથી મહારાજે ભાદરાથી નીકળતાં પહેલા એક પત્ર સૂરાખાચર, અલૈયાખાચર, અમરો પટગર... આદિ અઢાર સુખી કુટુંબના ગામધણીઓ અને રાજ દરબારોને સંબોધીને લખ્યો. તેમાં લખ્યું કે, ...''તમો આ પત્ર વાંચી, તત્કાળ ઘરનો ત્યાગ કરી જેતલપુર જઈ ત્યાં રામદાસ સ્વામી આગળ દીક્ષા લઈ, કાશી જઈ આવી ભૂજ અમારી પાસે આવજો.'' આ પત્ર ખેંપિયા દ્વારા અઢાર ભક્તોને ઘેર ફેરવ્યો. બધા ભક્તો મહારાજની આજ્ઞા મુજબ ઘરબાર છોડી નીકળી પડ્યા. રામદાસ સ્વામી પાસે આવ્યા. ત્યારબાદ મહારાજની આજ્ઞા પ્રમાણે નવા પરમહંસોને લઈ રામદાસ સ્વામી ભૂજ પધાર્યા. મહારાજ દંડવત્ કરતા સામે લેવા ગયા. મહારાજે

દરેકનો પરિચય સુંદરજી સુતારને કરાવી કહ્યું. ''આ દરેક પાંચ, પચીસ કે પચાસ ગામના ધણી છે. કેવળ અમારો પત્ર વાંચીને ઝોળિયા પારેવાની જેમ પડતું મૂકી, સાધુ થઈને આવ્યા છે.'' આ જોઈને સુંદરજી સુતારની આંખમાં પાણી આવી ગયા. સુંદરજીનો ગર્વ ઉતરી ગયો. તેઓ મરમમાં જ સમજી ગયા. તેમણે મહારાજને બંધિયામાં કહેલા શબ્દો બદલ માફી માગી. મહારાજે સૌને આજ્ઞા કરી, ત્યાગીનો વેશ મુકાવી ફરી પાછો ગૃહસ્થનો વેશ ધારણ કરાવ્યો. કડુ ગામના કલ્યાણભાઈ જેમનું નામ આ પત્રમાં ન હતું. છતાં 'આદિ' શબ્દમાં પોતાનો સમાવેશ ગણી સાધુ થયા હતા, તેવા 'અદ્‌ભુતાનંદ સ્વામી' તેમણે સાધુ રહેવાનું જ પસંદ કર્યું. માંડવીમાં મહારાજે ખૈયા ખત્રીના પ્રશ્નોના ઉત્તર દઈ, ખૈયા ખત્રીને જીતીને પોતાનો આશ્રિત બનાવ્યો.

**૨. બાર સ્વરૂપે દર્શન (૧૪/૮૮)** ગુજરાતના હરિભક્તોએ વરતાલ જ્ઞાનબાગમાં બે મોટા રંગના કુંડ, ગુલાલના દસ દસ ફૂટ ઊંચા ઢગ ફૂલદોલના સમૈયા માટે તૈયાર કર્યા હતા. હજારો પિચકારીઓના ઢગલા કર્યા. મહારાજ તૈયારીઓ જોઈને રાજી થયા. મહારાજ શ્વેત વસ્ત્રો ધારણ કરીને હરિભક્તો સાથે જ્ઞાનબાગમાં પધાર્યા. સૌ પ્રથમ મહારાજે રંગ ભરી પિચકારી સૌ ઉપર છાંટી. દરેક સંત હરિભક્તનાં મોઢાં ગુલાલથી રંગી દીધા. હરિભક્ત સૌએ મહારાજને વારંવાર રંગ્યા. ઘણો સમય રંગક્રીડા ચાલી. પછી ધારુ તળાવમાં સ્નાન કર્યું. જ્ઞાનબાગમાં બાજુબાજુમાં બે આંબા હતા. તેની સામસામેની ડાળીઓને આધારે મોભ બાંધી નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો સુંદર કારીગરીવાળો હિંડોળો બનાવ્યો હતો. તેમાં ઘૂઘરીઓ, મોતી, નંગ વગેરે જડીને તેની શોભા વધારી હતી. સાંજે આ હિંડોળામાં બિરાજવા મહારાજને બોલાવ્યા. મહારાજને સુંદર જરીયાની વસ્ત્રો, કુશળકુંવરબાએ આપેલો હીરાનો મુગટ અને સોનાનાં આભૂષણો પહેરાવ્યા. મહારાજ હિંડોળે ચડીને ઊભા રહ્યા. મુક્તાનંદ સ્વામી હીરની દોરીથી ઝુલાવતા હતા. ત્યાં કૌતુક થયું. મહારાજ બાર સ્વરૂપો ધારણ કરી હિંડોળાના બારેય દરવાજે ઊભા રહ્યા. ચારે બાજુથી હરિભક્તો હાર લાંબા કરે તે મહારાજ સોટીથી લઈ લેતા. પરમહંસોએ આ લીલાના શીઘ્ર પદોની રચના કરી પછી બધાં સ્વરૂપો મૂળ સ્વરૂપમાં સમાઈ ગયાં. હિંડોળેથી મહારાજને ઉતારી સૌ સંતો અને હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. ભેટ મૂકી આરતી ઉતારી.

**૩. શ્રીજીમહારાજના પ્રાગટ્યના છ હેતુઓ (૨૦/૧૦૩)** કારિયાણીમાં ગોપાળાનંદ સ્વામી મહારાજનાં દર્શને આવ્યા. મહારાજ તેમને ભેટ્યાં, ઠંડા પાણી પાયાં પછી અક્ષર ઓરડીમાં લઈ ગયા અને પોતાની પાસે બેસાડ્યા. બીજા સંતો હરિભક્તોને તેમજ નિષ્કુળાનંદ સ્વામીને બહાર જવાની આજ્ઞા કરી. પછી અક્ષર ઓરડીનો દરવાજો બંધ કરાવ્યો અને પોતાના પૃથ્વી પર પ્રગટ થવાના છ હેતુઓ ગોપાળાનંદ સ્વામીને કહ્યા. આ છ હેતુઓ નીચે મુજબ છે. (૧) 'અમારી સર્વોપરી ઉપાસના અને સર્વોપરી જ્ઞાન, તેને આ પૃથ્વી પર પ્રવર્તાવવું.' (૨) 'પૂર્વે થઈ ગયેલા અવતારોના ભક્તોને અમારી ઉપાસના અને અમારા સ્વરૂપનો બોધ કરીને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડવા.' (૩) 'ભક્તિદેવી અને ધર્મદેવને અસુરોના ત્રાસમાંથી મુક્તિ અપાવી, અમારી મુર્તિનું સુખ આપવું.' (૪) 'ઘણા કાળથી લુપ્ત (ભૂલાયેલો) થયેલો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યે યુક્ત ભક્તિવાળો એકાંતિક ધર્મ પ્રવર્તાવવો.' (૫) 'અનંત કાળથી ભજન-ભક્તિ કરતા અનેક તપસ્વી યોગીઓને દર્શન દઈ તપનું-ભક્તિનું ફળ આપવું. ભગવાનને વિશે પ્રીતિવાળા મુમુક્ષુઓના મનોરથ પૂર્ણ કરવા અને તેમને લાડ લડાવવા.' (૬) 'આ પૃથ્વી પર એકાંતિક ધર્મના ધારક સાધુઓ, ઉપાસના માટે શિખરબદ્ધ મોટાં મંદિરો, અમારાં લીલા-ચરિત્ર, સ્વધર્મજ્ઞાને યુક્ત શાસ્ત્રો કરવા, અને પરાત્પર વિહદ એવું જે અક્ષરધામ તેને પમાડવા અર્થે પરમ એકાંતિક સંતો દ્વારા આત્યાંતિક કલ્યાણનો મોક્ષ માર્ગ આ બ્રહ્માંડમાં સદાય ઊભો રાખવો. આ છ હેતુઓ દરવાજાની તિરાડમાંથી નિષ્કુળાનંદ સ્વામીએ સાંભળ્યા. મહારાજે દિવાળીનો ઉત્સવ કારિયાણીમાં કર્યો. દીવ બંદરના પ્રેમીબાઈએ આપેલ ભેટ દીનાનાથ ભટ્ટને આપીને માન, મત્સર ને ઈર્ષ્યાનું ખંડન કર્યું.'

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વરતાલ મંદિરના બાંધકામ વખતે મહારાજ શું કરતા ? (૨૩/૧૨૦)

જ. વરતાલ મંદિરના બાંધકામ વખતે મહારાજ ત્યાં ખુરશી નંખાવી બેસી સૌને બળ, પ્રેરણા અને માર્ગદર્શન આપતા.

૨. શ્રીજીમહારાજની ગુણાતીતાનંદ સ્વામી સાથે છેલ્લી મુલાકાત ક્યાં થઈ ? (૨૯/૧૫૧)

જ. શ્રીજીમહારાજની ગુણાતીતાનંદ સ્વામી સાથે છેલ્લી મુલાકાત ગઢડા અક્ષર ઓરડીમાં થઈ.

૩. શ્રીજીમહારાજે દરેક ગામમાં શિક્ષાપત્રીની એક-એક પ્રત મોકલી શી આજ્ઞા કરી ? (૨૫/૧૩૪)

જ. શ્રીજીમહારાજે દરેક ગામમાં શિક્ષાપત્રીની એક-એક પ્રત મોકલી સૌને 'શિક્ષાપત્રી'નો નિત્ય પાઠ અથવા શ્રવણ અને પૂજન કરવાની આજ્ઞા કરી.

૪. શ્રીજીમહારાજે ભૂખ્યા સંતો માટે કયા ગામમાં ગામધણીની ઈચ્છા ન હોવા છતાં ઝોળી માંગી ? (૧૧/૬૭)

જ. શ્રીજીમહારાજે ભૂખ્યા સંતો માટે સારંગપુર ગામમાં ગામધણીની ઈચ્છા ન હોવા છતાં ઝોળી માંગી.

૫. શ્રીજીમહારાજે કયા ગામમાં કાઠીઓની શોભા વધારી ? (૧૭/૯૭)

જ. શ્રીજીમહારાજે આણંદ ગામમાં કાઠીઓની શોભા વધારી.

પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)

☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. ૩, ૪ (૧૧/૬૮) ૨. ૨, ૪ (૨૪/૧૨૧)

પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)

૧. મૂળજી શેઠ (૧૦/૬૫) ૨. સોરઠ (૨૬/૧૩૬) ૩. નરનારાયણ (૨૨/૧૧૮) ૪. બિશપ હેબર (૨૪/૧૨૪)

(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦)

પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''આ ક્યાં સાલેમાળ છે, આ તો અક્ષર ઓરડી છે.'' (૧/૫)

➩ મહારાજ - નિત્યાનંદ સ્વામીને

➩ સાલેમાળ પર્વતનો રસ્તો એવો છે. ખાડા-ટેકરા આવે છે તેથી ઢોલિયો હલે છે એવું કહ્યું ત્યારે કહે છે.

૨. ''દુર્જન પોતાની પ્રકૃતિ છોડતા નથી, તો સજ્જને પણ પોતાની પ્રકૃતિ છોડવી નહિ.'' (૪/૨૯)

➩ આચાર્ય મહારાજ (અયોધ્યાપ્રસાદજી મહારાજ) - સેવકોને

➩ માનસી પૂજામાં બેઠેલા આચાર્ય મહારાજને વાંસામાં વીંછીએ ડંખ માર્યો પણ તેઓ ધ્યાનમાંથી વિચલિત ન થયા. માનસી પૂજાનો વિધિ પૂરો થયો પછી સેવકોને પૂછ્યું કે મારા વાંસામાં શું થયું છે ? સેવકોએ જોયું તો વાંસો લાલચોળ થઈ સૂજી ગયો હતો. ત્યારે સેવકોએ વીંછી જોયો ત્યારે કહે છે.

૩. ''ક્યાંય ચરવા જવા દેવી નહિ.'' (૬/૪૩)

➩ મહારાજ - લાડુબાને

➩ એક દિવસ લાડુબાએ આપેલ દૂધ મહારાજે પીધું તો તેમાં લસણની દુર્ગંધ આવી. તેથી મહારાજે કહ્યું : 'ભેંસે લસણ ખાધું છે. તેથી દૂધમાં તેની દુર્ગંધ આવે છે. માટે હવેથી અમને દૂધ પાવું હોય તો ભેંસને ક્યાંય ચરવા જવા દેવી નહિ.

પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)

૧. જીવાખાચરના મનની મનમાં રહી ગઈ. (૫/૩૬)

જ. જીવાખાચરે વજેસિંહને અવળા શબ્દો ભરાવીને કહ્યું : દાદાખાચરના દરબારમાં સ્વામિનારાયણ એની બેનો ભેળા રહે છે તેથી અમારા કુંટુંબનું બહુ ખોટું દેખાય છે. માટે તમે દાદાખાચરને ઠપકો આપો. વજેસિંહ બાપુના શબ્દોથી કદાચ દાદો મહારાજને પોતાના દરબારમાંથી રજા પણ દઈ દે એવો ખોટો હેતુ હતો. વજેસિંહે આ અંગે દાદાને પૂછ્યું ત્યારે દાદાખાચરે તો તરત જ કહી દીધું કે કોઈ કાઠીને ભળાવી દેત તેના કરતાં આ તો ભગવાન છે. જેને મરીને પામવા હતા તે દેહ છતાં જ અમને મળ્યાં તે અમારાં મોટાં ભાગ્ય સમજીએ છીએ. દાદાખાચરની આવી નિષ્ઠા જોઈને વજેસિંહ દરબાર કશું બોલી શક્યા નહિ. તેથી જીવાખાચરના મનની મનમાં રહી ગઈ.

૨. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામી વિશે કહ્યું, 'ઉપાસક તો આવા હોવા જોઈએ.' (૧/૪-૫)

જ. સત્સંગીજીવન ગ્રંથ લખાતો હતો. ત્યારે મહારાજના સ્વરૂપ સંબંધી વાત નીકળી. ઘણાં મોટેરા પરમહંસોએ મહારાજને રામ કૃષ્ણ વગેરે અવતારો જેવા જ કલ્પ્યા હતા. તે વખતે નિત્યાનંદ સ્વામીએ કહ્યું શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી છે. સર્વ કારણના કારણ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તેમને બીજા અવતારો જેવા કેમ કહેવાય ? આ પ્રસંગે સંતોમાં મોટો મતભેદ ઊભો થયો. શ્રીજીમહારાજ પણ નિત્યાનંદ સ્વામીના મતથી વિરુદ્ધ પડ્યા. મહારાજે તેમને ઘણું સમજાવ્યા છતાં નિત્યાનંદ સ્વામી પોતાના નિશ્ચયમાં પર્વતપ્રાય હતા, તે જરા પણ ડગ્યા નહિ. મહારાજે તેમને દુરાગ્રહી કહીને વિમુખ કર્યા. સભામાં આવતા બંધ થયા, જમવા પણ ન જાય અને અખંડ ધ્યાન-ભજનમાં મસ્ત રહેવા લાગ્યા. સાત દિવસ ગયા પછી આઠમે દિવસે શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવી તેમની પૂજા કરી પ્રસાદીનો હાર આપ્યો. ત્યારે સૌ પરમહંસોને બોલાવીને કહ્યું, 'ઉપાસક તો આવા હોવા જોઈએ.'

પ્ર.૯ 'કૃષ્ણજી અદાએ રાખેલો શાસ્ત્રીજી મહારાજનો પક્ષ' (૮/૬૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

રાજકોટમાં શાસ્ત્રીજી મહારાજ જીવણરામ શાસ્ત્રી પાસે ગીતાભાષ્યનો અભ્યાસ કરતા. શાસ્ત્રીજી મહારાજનું અણિશુદ્ધ વર્તન તથા બ્રહ્મજ્ઞાનનો પ્રભાવ જોઈ હરિભક્તો તથા યુવાનો તેમના તરફ ખેંચાયા. તેમની વધતી જતી મહત્તા જોઈ, આ પ્રવૃત્તિ કેટલાક રાગ દ્વેષયુક્ત સંત-હરિભક્તોને ન ગમી. સૌએ તેમનું અપમાન કરવા નિર્ધાર કર્યો. મંદિરમાં પણ ન રહેવા દેવા એવું નિવેદન તૈયાર તૈયાર કર્યું અને આગેવાન સંત-હરિભક્તો પાસે તેમાં સહી કરાવી. આ ખરડામાં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હિમરાજભાઈની સહી છે તે ખબર પડી. હિમરાજભાઈનું વર્ચસ્વ રાજકોટ સત્સંગ મંડળમાં સારું હતું, પરંતુ હિમરાજભાઈએ

ખરડામાં સહી કરી છે તે જાણી કૃષ્ણજી અદાએ પોતાના ગુરુભાઈ અને અત્યંત સ્નેહી હિમરાજભાઈ સાથેનો સંબધ સદાને માટે કાપી નાંખ્યો. જીવનભર હિમરાજભાઈનું મોઢું તેમણે જોયું નહિ. કૃષ્ણજી અદા ગરીબ પ્રકૃતિના હોવા છતાં ભગવાનના ભક્તનો પક્ષ રાખવામાં શૂરવીર હતા.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શાસ્ત્રાર્થ કરવા આવેલા પંડિતોએ નિત્યાનંદ સ્વામી માટે શું કહ્યું ? (૧/૬-૭)

જ. 'સસ્સા મારનેકા સામાન તૈયાર કિયા તો આગે સિંહ આકે ખડા હો ગયા, અબ ક્યા લડે ?'

૨. પ્રેમાનંદ સ્વામીએ રચેલા બે ગ્રંથોનાં નામ જણાવો. (૨/૧૬)

જ. પ્રેમાનંદ સ્વામીએ ધ્યાનમંજરી, નારાયણચરિત્ર, તુલસીવિવાહ, ગોપીવિરહ, શ્રીહરિચરિત્ર નામના ગ્રંથોની રચના કરી હતી.

૩. પીંજારાના પુત્રે મહારાજને શું કહ્યું ? (૨/૧૧)

જ. પીંજારાના પુત્રે મહારાજને કહ્યું કે 'મારે આપની પાસે રહેવું છે.'

૪. આચાર્ય અયોધ્યાપ્રસાદજી સ્વભાવે કેવા હતા ? (૪/૨૭)

જ. આચાર્ય અયોધ્યાપ્રસાદજી સ્વભાવે ઘણા નિર્માની અને સાધુવૃત્તિના હતા.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : મૂળજીભાઈને સંસાર પ્રત્યે જાગેલ ઉદાસીનતા (૩/૨૧-૨૨)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) ફક્ત સાચા નંબરો | ૧ | ૩ | ૬ | ૭ | ૯ | ૧૧ |
| (૨) યથાર્થ ઘટનાક્રમ | ૧ | ૩ | ૧૧ | ૬ | ૭ | ૯ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો : જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો .**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ :** જ્યારે હરિભક્તો જમવા બેઠા ત્યારે સૌને ખબર પડી કે દૂધપાક તો ઘણો ખારો હતો. ભૂલથી સાકરને બદલે મીઠું દૂધપાકમાં નખાઈ ગયું હતું. (૪/૨૯)

૨. **સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી :** આ શાસ્ત્ર-અભ્યાસની સાથે સાથે પૂર્વના સંસ્કારથી તેમને લાગ્યું કે 'કેવળ પુસ્તકનું જ્ઞાન વિવાદ માટે જ છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તો જ્ઞાનનો સાક્ષાત્ અનુભવ કરવો જોઈએ. (૧/૧)

૩. **શ્રી કૃષ્ણજી અદા :** ઈન્દ્રજીભાઈને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો. તેથી તરત જ બધો ભાર પોતાને શિરેથી ઉતારી નાખ્યો અને જૂનાગઢ આવ્યા. (૮/૬૨)

૪. **ભક્તરાજ દાદાખાચર :** આ સમાચાર સાંભળી દાદાખાચર અને એમની બહેનો સૌ કલ્પાંત કરતાં સારંગપુર આવ્યાં અને કોઈપણ રીતે ગઢપુરમાં જ મંદિર કરવા મહારાજને બહુ આજીજી કરી. (૫/૩૮)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

**૧. યોગીજી મહારાજ : બ્રહ્મવિદ્યાની યુનિવર્સિટી :** (૧) વિશ્વની વિવિધ ક્ષેત્રે હરણફાળ સમી પ્રગતિનાં પાયામાં ભારતીય સંસ્કૃતિનું વિશેષ યોગદાન - પછી તે ગણિતના અંકોની શોધ હોય કે વિજ્ઞાનના નિયમોની, સાહિત્ય હોય કે કળા-કૌશલ્યની - આ બધામાં ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યવાન પ્રદાનો - પરંતુ આ બધામાં આધ્યાત્મિકતાનું યોગદાન વિશેષ અને અમૂલ્ય - આધ્યાત્મિકતા એ ભારતીય સંસ્કૃતિનો રાજમણિ - પ્રાચીન ભારતીય સંસ્કૃતિ આજ પર્યંત જીવંત - તેનું કારણ તેના મહાન આધ્યાત્મિક મૂલ્યો - આ આધ્યાત્મિક મૂલ્યોને જીવંત રાખવામાં ત્રણ પરિબળોનો મહત્વનો ફાળો - શાસ્ત્ર, મંદિર અને સંત. (૨) આ ત્રણ પરિબળો ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભો - આ પરિબળોમાં પણ સંતનો ફાળો વિશેષ - કારણ સંત દ્વારા મંદિરો અને શાસ્ત્રોની રચના - મંદિરો શાસ્ત્રો ને સંત સાકાર કરે છે - જનમાનસમાં તેનો સાચો સંદેશો પહોંચાડવાનું કાર્ય સંત દ્વારા - ધર્મશાસ્ત્રમાં માર્ગ

દર્શાવેલ હોય પણ મર્મ કહ્યો ન હોય. - મર્મ તો સંતના હૃદયમાં (શ્રીમદ રાજચંદ્ર) શ્રીજીમહારાજ ગ.મ. ૧૩ વચનામૃતમાં આ વાત સમજાવે છે. સંત જ શાસ્ત્રોના મર્મ, ઊંડાણ, રહસ્ય વગેરે સમજાવે છે. મંદિરોનું નિર્માણ કરી મંદિરોની વિવિધ પ્રવૃત્તિમાં મુમુક્ષુઓનું જોડાણ - તે દ્વારા સમાજની આધ્યાત્મિક ઉન્નતિ. (૩) સંતના આ વિલક્ષણ કાર્યોમાં નોંધપાત્ર બાબત - યુવાનોમાં આધ્યાત્મિકતા ખીલવવાની શક્તિ - યુવાનોની માનસિકતાને પારખીને યુવાનોના હૃદયમાં આધ્યાત્મિક મૂલ્યો ખીલવવાનું કાર્ય સંત જ કરી શકે - જે કાર્ય યુનિવર્સીટી ન કરી શકે, શાળા, કોલેજ કે કાનૂન ન કરી શકે તે કાર્યમાં સંતની વિશેષ શક્તિ લોંગફેલોનું વાક્ય. આ રહ્યા સંતો દ્વારા ખીલેલ આધ્યાત્મિક બગીચાનાં પુષ્પો - શિવાજી મહારાજનાં પરાક્રમ, હિંદુ અસ્મિતા, ચારિત્ર્ય, ભારતીય સંસ્કૃતિની રક્ષા, વીરતા આ બધા ગુણોનું આરોપણ, ઘડતર, સમર્થ સંત સ્વામી રામદાસ દ્વારા - સ્વામી વિવેકાનંદનું પરિવર્તન સ્વામી રામકૃષ્ણ પરમહંસ દ્વારા - થોડે ઘણે અંશે ખ્રિસ્તી ધર્મના રંગે રંગાયેલ ગાંધીજીના મનની શંકાઓ દૂર કરી, હિંદુ ધર્મના તત્વજ્ઞાન અને મૂલ્યોમાં વિશ્વાસ જગાવનાર શ્રીમદ રાજચંદ્ર આ થયા સંતના દ્વારા ઘડાયેલ મહાનુભાવો - પરંતુ જેને સંતનું સાનિધ્ય ન મળ્યું તેવાં સિદ્ધિનાં સોપાન સર કર્યા પછી પતનની ખાઈમાં ધકેલાઈ ગયેલા યુવાનો - ૨૧ વર્ષની વયે ગોલ્ફનો ખેલાડી ટાઈગર વુડઝ - અબજો રૂપિયાની વાર્ષિક કમાણી, અનેક વિશ્વવિક્રમો મેળવનાર - સિદ્ધિઓના શિખરે - પરંતુ ચારિત્ર્યની બાબતમાં પતનની ઊંડી ખીણમાં ગરકાવ - સુફિયા યુસુફ નામની છોકરી - અસામાન્ય બાળકીનો ખિતાબ ૧૩ વર્ષની ઉંમરે ઓક્સફોર્ડ યુનિવર્સિટીની ગણિતની અઘરી પરીક્ષા પસાર કરી પરંતુ દસ વર્ષ બાદ કોલગર્લના વ્યવસાયમાં પતન. તેથી જ કહ્યું છે કે યુવાનોને ટીકાની જરૂર નથી પરંતુ આદર્શોની (સંતોના, મહાનપુરુષોના) જરૂર છે. (૪) આપણું સદ્‌ભાગ્ય કે આપણા યુવાનોને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતની છત્રછાયા - પરિણામે આદર્શ યુવા સમાજ - સંસ્કારી યુવા સમાજની રચના એક તરફ આ સંતોએ ઘડેલા આદર્શ યુવાનો - બીજી તરફ સંતના સાંનિધ્ય વિના સંસ્કારહીન યુવાનો - વિશ્વના યુવાનો ભોગ-વિલાસમાં જ્યારે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીના યુવાનો ચારિત્ર્યવાન - ધર્મ - નિયમની દૃઢતાવાળા ત્યાગાશ્રમ સ્વીકારીને બ્રહ્મચર્યના માર્ગે - એક તરફ મદિરા સેવન તથા માંસાહારી યુવકો - બીજી તરફ ગળથૂથીમાંથી માંસ મદિરા લેનારા આદિવાસી યુવાનો દ્વારા માંસ-મદિરાનો સંપૂર્ણ ત્યાગ - આનું કારણ યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીની બ્રહ્મવિદ્યાની યુર્નિવસીટી અને એનાં આ સંતવર્યોનું વાત્સલ્યભર્યું સાંનિધ્ય. (૫) યોગીજી મહારાજ કહે છે : ‘યુવકો મારું હૃદય છે’ જ્યાં હૃદય જેવું સ્થાન યુવાનોને તેમણે આપ્યું હશે તેમને યુવાનો પ્રત્યે કેટલું વાત્સલ્ય હશે ? આ રહ્યા તેના પ્રસંગોઃ **૧.** સામાન્ય લાગતા યુવાનોને વાત્સલ્ય વરસાવીને પોતાના હૃદય સમા પવિત્ર બનાવ્યા અને બ્રહ્મવિદ્યાથી અધ્યાત્મ વિદ્યાથી છલકાવી દીધા. **૨.** અમદાવાદથી આવેલ યુવકોને પ્રેમથી ગોંડલમાં રોકી લીધા. **૩.** આણંદના નવયુવાન રમણભાઈ પટેલને જાતે ભંડારમાં લઈ ગયા. બેસવા આસન આપ્યું - પોતે જાતે પ્રેમથી નાસ્તો કરાવ્યો. - પોતે તો આસન વગર જ બેઠા હતા. અનેક મહાનુભાવોની સાથે યોગીજી મહારાજ બિરાજ્યા હતા. રમણભાઈને સ્નેહથી મળ્યા. **૪.** દારેસલામમાં યુવાનોએ સ્નાન કર્યા બાદ બાથરૂમમાં પડેલાં તેમનાં કપડાં યોગીજી મહારાજે ધોઈ નાખ્યા. **૫.** માંદા યુવાનોની માતાથી પણ અધિક વાત્સલ્યથી સેવા યોગીજી મહારાજ કરતા - જગદીશભાઈ ત્રિપાઠીને બે વાગ્યા સુધી માથું દબાવતા બેસી રહ્યા. - યુવકો દોડી દોડીને યોગીજી મહારાજ પાસે આવે - સહજ આધ્યાત્મિક ગુણોની કેળવણી આપી દે - યુવકો સાત સમેલિયા એટલે સર્વાંગ સંપન્ન થાય, બૌદ્ધિક, શૈક્ષણિક, નૈતિક ઉન્નતિ માટે જાણે વાત્સલ્યભરી યુનિવર્સિટીની જેમ આયામો આપી છે. યુવકો પાસે તપ કરાવે, નિર્જળા ઉપવાસ દ્વારા સંયમની કેળવણી - આકરા નિર્જળા ઉપવાસ બાદ જાતે પારણાં પણ કરાવે - ઝારોળાવાળા જનકભાઈનો પ્રસંગ - કિશોરભાઈ દવે વગેરેને શરબત બનાવી પારણાં કરાવવા હરિભક્તને મોકલ્યા અને પોતાના વતી આ યુવકોને દંડવત્ કરવાની હરિભક્તને આજ્ઞા - બંને યુવકો ગદ્‌ગદિત. **૬.** યુવકો પાસે કીર્તનો, વચનામૃત, સ્વામીની વાતો, શ્લોકો મુખપાઠ કરાવે - કંઠસ્થ કરાવવાની રીત એવી કે યુવકોને બોજ ન લાગે. **૭.** ચેષ્ટાનાં પદો કંઠસ્થ કરવામાં આણંદના રમણભાઈ તથા વિનુભાઈને તકલીફ - તેથી ઘેર જવાની ઇચ્છા - કારણ આ કાર્ય થઈ શકે નહિ અને મંદિરમાં રહેતા સંકોચ થાય કે મફતમાં મંદિરનું ખાવાનું - યોગીજી મહારાજ કહે ‘તમે ભીડો વેઠો છો તે સેવા જ કહેવાય’ એમ કહીને તેઓના ક્ષોભને દૂર કર્યો. **૮.** પ્રવચન કરતા યુવકો કુશળ બને તે માટે અપાર ઉત્સાહ - ગુજરાતી, અંગ્રેજી, હિંદી તથા આફ્રિકન ભાષામાં પ્રવચન કરવાની આજ્ઞા - યુવકોને પ્રવચન કરતા જોઈને ખૂબ રાજી થાય. શંભુસિંહને પ્રભાતિયાનાં ચાર પદો બોલતાં રોજ સવારે યાદ કરે. (૬) યોગીજી મહારાજની બ્રહ્મવિદ્યાની યુનિવર્સિટિ તેમાં અનેકવિધ આયોજનો થાય - સ્વયંસેવક દળ, શિબિરો અને અધિવેશનો, મુખપાઠ, કીર્તનગાન, સંવાદ, બેન્ડવાદન વગેરે પ્રવૃત્તિઓ દ્વારા યુવકમંડળ શુદ્ધ અને સર્વોપરી ઉપાસનાના મૂલ્યો દઢ કરે એવા કાર્યક્રમો - યુવકોમાં નિયમ-ધર્મની દૃઢતા તેમજ નાની મોટી અનેક પ્રકારની આધ્યાત્મિક કેળવણી માટે યોગીજી મહારાજ દ્વારા અનેક અભિગમો - યોગીજી મહારાજના યુવકો પ્રત્યે અગાધ સ્નેહનું નિરંજનભાઈ દ્વારા વર્ણન : યોગીજી મહારાજના વાત્સલ્યનું કહેવું જ શું ? જગતની બધી સ્ત્રીઓ વચ્ચે એક જ પુત્ર હોય અને એ પુત્રને જે વાત્સલ્ય મળે તેથી અનંતગણું અધિક વાત્સલ્ય યોગીજી મહારાજના નેણમાંથી વરસે છે. વાત્સલ્ય વરસાવીને યુવકોનાં દુઃખ હરી લે છે, ભગવાનમાં જોડે છે - પણ કોઈ યુવક એ દિવ્ય સુખ પડતું મૂકીને જગતના સુખોમાં પણ લોભાય નહિ - વેકેશન પડતાં જ યુવકો યોગીજી મહારાજ પાસે દોડી આવે - યોગીજી મહારાજ પણ રાહ જોઈને જ બેઠા હોય - ખૂબ વાત્સલ્ય વરસાવે - કિશોરભાઈ દવે યોગીજી મહારાજની સ્નેહ દૃષ્ટિ વિસરી શક્યા નહિ. (૭) કહેવાય છે કે અતિ પરિચયનું ફળ અવજ્ઞા છે પરંતુ યોગીજી મહારાજના સંદર્ભમાં આ કહેવત સદંતર ખોટી ઠરે છે એવું તેમનું અનન્ય આર્કષણ - યોગીજી મહારાજથી વિખૂટા પડતાં પણ યુવકો દુઃખની લાગણી અનુભવે - આંખમાંથી દડદડ આંસુ પડે - માને છોડીને સાસરે જતી સ્ત્રી જેવું દુઃખ આ યુવાનો અનુભવે - યોગીજી મહારાજ છેક દ્વાર સુધી વળાવવા જાય, આશ્વાસન આપે - જ્ઞાનથી ભેગા રહેવું એવી સમજણ આપે - આવા વાત્સલ્યના કારણે ઘણા યુવાનોએ સાધુની દીક્ષા ગ્રહણ કરી. (૮) ઉપસંહાર : બ્રહ્મવિદ્યાની આ અજોડ યુનિવર્સિટીમાં કુલપતિ યોગીજી મહારાજની કૃપા આજે પ્રમુખસ્વામી મહારાજ

દ્વારા યુવાનો પ્રત્યે વહી રહી છે. આવા વાત્સલ્યમૂર્તિ યોગીજી મહારાજને કોટિ કોટિ વંદન.

**૨. સ્વામિનારાયણના સાધુઓ - પ્રામાણિક સમાજના પોષક : (૧)** સ્વામિનારાયણના સાધુનું નામ કાને પડતાં જ મનુષ્યના મનમાં ભગવાં વસ્ત્રધારી, સૌમ્ય, પ્રામાણિક અને સાધુતાવાળી વ્યક્તિનાં દર્શન થાય. (૨) સ્વામિનારાયણ ભગવાન દ્વારા સાધુઓને સાધુતા શોભાવવાનો ઉપદેશ - જ્યાં જાય ત્યાં વર્તન વાતો કરે એવી સાધુતા કેળવવાનો આગ્રહ. વર્તન એવું કે જોઈને જ મુમુક્ષુ પ્રભાવિત થાય જ - ઉપદેશની આવશ્યકતા ઓછી પડે (પ્રસંગો) સ્વામિનારાયણના સાધુઓ અનેકગુણે યુક્ત, પંચવર્તમાને યુક્ત, ધર્મનિયમના દૃઢ આગ્રહી (પ્રસંગો લખવા) (૩) સ્વામિનારાયણના સાધુઓ એટલે પ્રામાણિકતાનું મૂર્તિમાન સ્વરૂપ - સ્વયં પ્રામાણિક રહીને તેમના યોગમાં આવનારને પ્રામાણિકતાનો પાઠ શીખવે, બાળકોથી માંડીને વૃદ્ધો સુધી દરેકને આ ગુણો આત્મસાત કરાવે. (પ્રસંગો લખવા) સ્વામિનારાયણ ભગવાનના સમયમાં પણ અનેક હરિભક્તો નિર્ધન, નીચી કોમના છતાં પ્રામાણિકતાની બાબતમાં શ્રેષ્ઠ - પારકી વસ્તુને ધૂળ માનનાર આ હરિભક્તો સ્વામિનારાયણ ભગવાનના સાધુઓની સાધુતાનું પરિણામ (પ્રસંગો લખવા) લૂંટફાટ કરનારા ચોર, લૂંટારાઓને, કાઠીઓને, સન્માર્ગે વાળ્યા અને પ્રામાણિક બનાવ્યા - દાતણ જેવી વસ્તુની પણ ચોરી ન કરે તેવા હરિભક્તો. (પ્રસંગો) (૪) વર્તમાનકાળે મહારાજના સમયથી માંડીને આજે પણ એવા હરિભક્ત - જે નખશિખ પ્રામાણિક હાથમાં આવેલ કિંમતી હીરા તેમજ તેવી વસ્તુઓ હાથમાં આવે તેમાં ન લોભાતા તેના માલિકને પરત કરે તેવા ભક્તો (પ્રસંગો લખવા) - સંતોના ઉપદેશથી પ્રામાણિકતાને વરેલા હરિભક્તો અને અન્ય મુમુક્ષુઓની યાદી ખૂબ લાંબી છે. (પ્રસંગો) સમાજમાં પ્રામાણિક હરિભક્તોની વિશિષ્ટ છાપ - આ બધા ગુણોના પોષક સ્વામિનારાયણના સાધુઓ અને તેમના પોષક ગુરુહરિ - તેમના દ્વારા આવા સાધુઓની સાધુતા પોષાય અને પ્રામાણિક સમાજ તૈયાર થાય છે. (૫) માટે જ સ્વામિનારાયણના સાધુઓ પ્રામાણિક સમાજના પોષક - ઉપસંહાર.

**૩. નિર્માની સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ : (૧)** ભગવાન સ્વામિનારાયણ દ્વારા સંતોને પંચવર્તમાન પાળવાનો દૃઢ આગ્રહ - તેમાં પણ નિર્માનીપણે વર્તવાની શિક્ષાપત્રીમાં વિશેષ આજ્ઞા (૨) પ્રમુખસ્વામી મહારાજ શ્રીજીમહારાજના અખંડ ધારક આજ્ઞાપાલક સંત - શ્રીજીમહારાજના તમામ આદેશોનું સારધાર દૃઢતાપૂર્વક પાલન - પંચવર્તમાનમાં તો સ્વામીશ્રીની દૃઢતા પરંતુ નિર્માનીપણાના વર્તમાન પર તો સ્વામીશ્રીનો ઈજારો (પ્રસંગો લખવા) (૩) ઈષ્ટદેવથી માંડીને ગુરુપરંપરામાં તમામ ગુરુ નિર્માની. (પ્રસંગો લખવા) (૪) નાનો બાળક હોય કે વડીલ, સત્સંગી-બિનસત્સંગી, આદિવાસીથી માંડીને અમેરિકન સુધી સૌની સાથે સ્વામીશ્રીનું નિર્માનીપણું દૃષ્ટિગોચર થાય છે. (પ્રસંગો લખી શકાય.) સદાય બે હાથ જોડેલી મુદ્રામાં સ્વામીશ્રીનાં દર્શન કરવાં તે પણ એક અનુપમ લહાવો - આ જ તેમની નિર્માનીતાની પારાશીશી. (૫) નિર્માનીપણું તે કેવું ? નાના બાળકની માફી માંગતા લેશ પણ ખચકાટ નહિ - પોતાની ભૂલ ન હોય તો પણ માફી માંગે તેવા નિર્માની સંત તો પ્રમુખસ્વામી મહારાજ જ - એક અને અદ્વિતીય - તેમના નિર્માનીપણાની જોડ ન મળે. તેઓની તોલે ગુરુપરંપરા અને ઈષ્ટદેવ સિવાય કોઈપણ ન આવી શકે. (પ્રસંગો લખવા) વચનામૃત, સ્વામીની વાતો તેમજ અન્ય મહાનુભાવોના વિધાનો લખવા - શ્લોક, સાખી વગેરે લખી શકાય. ગ્રંથોના પ્રમાણો આપી શકાય. (૬) નિર્માનીપણું એ જ સંતની સાચી શોભા - કદાચ કોઈ સંત સ્ત્રીનો ત્યાગ કરી શકે, દૂર રહી શકે, ધન ત્યાગી શકે પણ માનનો ત્યાગ કરીને, અપમાનનો ત્યાગ કરીને નિર્માનીપણે વર્તવું એ તો અશક્ય જ છે. સંત એટલે જ સૌમ્યતાની મૂર્તિ - તેથી સ્વામીશ્રી એ નિર્માનીપણાનો પર્યાય - મૂર્તિમાન નિર્માનીપણાનાં દર્શન કરવાં હોય તો સ્વામીશ્રીનાં દર્શન કરી લેવાં તેથી જ સ્વામીશ્રી નિર્માનીપણાનો આદર્શ - અને એટલે જ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ નિર્માનીપણાનો આદર્શ. (૭) ઉપસંહાર.

❑ ❑ ❑